# બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા ફાળવણી થયેલ ઉમેદવારો માટે શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચનાઓ

તા. ૦૧/૦૩/૨૦૨૫

- રાજ્યની રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષક ભરતી/બદલી પ્રક્રીયા અન્વયે વિભાગવાર, માધ્યમવાર, વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે ઉમેદવારો દ્વારા અપાયેલ શાળા પસંદગી તથા મેરીટ ક્રમ પ્રેફરન્સના આધારે ઉમેદવારોને શાળા ફાળવણી કરવામાં આવેલ છે. જેની વિગતો વેબસાઇટ www.gserc.in પર મૂકવામાં આવેલ છે. તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની જાણ SMS થી પણ કરેલ છે.
- શાળા પસંદગી ન આપનાર ઉમેદવારો આગળની ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને આગળની ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવેલ છે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- મર્યાદિત શાળા પસંદગી આપનાર ઉમેદવાર મેરિટ ક્રમ પ્રેફરન્સ મુજબ શાળા ફાળવણી ન થઇ હોય તેવા ઉમેદવારો ભરતી પ્રક્રિયામાંથી બાકાત થયેલ હશે.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ વેબસાઇટ પરથી પોતાના લોગ-ઇનમાંથી પોતાનો શાળા ફાળવણી પત્ર મેળવવાનો રહેશે.
- ઓનલાઈન શાળા ફાળવણી પત્ર મેળવવા માટે,
    - ઉમેદવારે વેબસાઈટ www.gserc.in પર જઈ **Old Teacher - Candidate** વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
    - ત્યારબાદ Candidate Log in section માં મોબાઇલ નંબર, જન્મ તારીખ, પાસવર્ડ અને **captcha** દાખલ કરી લોગ-ઇન થવાનુ રહેશે.
    - ત્યારબાદ **Dashboard** પર **View candidate School selection** અને **Candidate school Allotted Letter** વિકલ્પ આપેલ હશે. જેના **View candidate School selection** ઓપ્શન પર ક્લિક કરતા આપે આપેલ શાળા પસંદગી યાદી જોઇ શકાશે.
    - તથા **Candidate school Allotted Letter** પર ક્લિક કરતા આપનો શાળા ફાળવણી પત્ર pdf ફોર્મેટમાં ડાઉનલોડ થશે. જે આપના કોમ્પ્યુટરમાં ડાઉનલોડેડ ફાઇલ તરીકે સચવાશે.

- જો આપે શાળા પસંદગી આપેલ ન હોય તો અથવા આપને મેરીટ કમ પ્રેફરન્સ ના આધારે શાળા ફાળવણી થયેલ ના હોય તેવા કિસ્સાઓમાં મેસેજ ડિસ્પ્લે થશે. આવા ઉમેદવારોના ફાળવણીપત્ર ડાઉનલોડ થશે નહિ.
- ડાઉનલોડ થયેલ શાળા ફાળવણીપત્રના pdf ડોક્યુમેન્ટની પ્રિન્ટ મેળવી લેવી.

➢ શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ શાળા ફાળવણી પત્રમાં દર્શાવ્યા મુજબ તારીખ, સમયે અને સ્થળે પોતાના શાળા ફાળવણી પત્રની નકલ, તમામ અસલ પ્રમાણપત્રો/ગુણ પત્રકો/ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલ સાથે પોતાનો ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા હાજર રહેવાનું રહેશે.

➢ અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર સૂચવેલ સમયે અને સ્થળે હાજર રહેવા અસમર્થ હોય તો તમામ આનુષાંગિક આધારોસહ ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા માટે અન્ય કોઇ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર આપી હાજર રાખી શકશે.

➢ જે ઉમેદવારો "સદર ભરતી પ્રક્રીયા અન્વયે ચોઇસ ફીલીંગ કર્યા બાદ મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવેલ શાળામાં હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુથી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રીયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા બદલ તેઓએ તેમના પોતાના માસિક પગાર માંથી રૂ. ૫,૦૦૦/- લેખે ૪૦ માસ માટે એમ કુલ રૂ. ૨,૦૦,૦૦૦/- સરકારશ્રીના સંબંધિત સદરે જમા કરાવવાના રહેશે.

➢ ભલામણ પત્ર અને નિમણૂંક હુકમની તમામ શરતો ઉમેદવારને બંધનકર્તા રહેશે.

===================